ઉગત પાસેથી રીઢો વાહનચોર ઝડપાયો, 7 બાઈક કબજે

સુરતઃ રાંદેર પોલીસ ટીમે બાતમીના આધારે દરોડો પાડીને ૭ જેટલા ટૂ-વ્હીલર વાહનો સાથે એક શાતિર વાહનચોરને પકડી પાડ્યો છે. આરોપીની અટકાયત સાથે રાંદેર, ડિંડોલી અને ગોડાદરા પોલીસ સ્ટેશનના કુલ ૭ અન-ડિટેક્ટ વાહનચોરીના ગુનાઓ ઉકેલાયા છે. ઉગત પાણીની ટાંકી, બોટનિકલ ગાર્ડન પાસેથી ચોરીની બ્લેક કલરની હીરો હોન્ડા સ્લેન્ડર બાઇક સાથે ઝડપી પાડ્યો હતો. લઈને પસાર થવાનો છે. કડીયાકામ કરતા મૂળ નાસિક (મહારાષ્ટ્ર)ના અને હાલ સુરતના ખરવાસા ખાતે રહેતા કિરણ નારાયણ સાબલે (ઉં.વ.૪૧)ની સઘન પૂછપરછ બાદ પોલીસે ચોરીના કુલ ૭ વાહનો કબજે કર્યા છે. પોલીસે રૂ.૧.૫૧ લાખના તમામ વાહનો કબજે કરી આરોપી વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ચેક રિટર્નના કેસમાં આરોપીને ૧ વર્ષની કેદ

સુરતઃ શ્રી ચામુંડા ટ્રેડર્સના માલિક વિષ્ણુ સાડીસાતસોવાલાને ચેક રિટર્નના કેસમાં ૧ વર્ષની કેદ અને વ્યાજ સાથે દંડની રકમની સજા કોર્ટે ફટકારી હતી. કાપડ વેપારી જીગ્નેશ ગાંગાણી પાસેથી આરોપીએ માલ ખરીદી ચેક આપ્યો હતો. જે ચેક રિટર્ન થતાં ફરિયાદીએ એડવોકેટ નિમેષ દલાલ મારફતે ફરિયાદ કરી હતી. ફરિયાદ પક્ષ કેસ પુરવાર કરવામાં સફળ થતાં કોર્ટે આરોપીને ૧ વર્ષની કેદની સજા અને ચેકની રકમ રૂ.૩,૩૧,૩૪૫ વ્યાજ સાથે વળતર તરીકે દિન-૩૦માં ચૂકવી આપવા હુકમ કર્યો હતો.

અમરોલીમાં નવી બંધાતી બિલ્ડિંગમાં વીજ કરંટ લાગતાં શ્રમિકનું મોત

સુરતઃ મૂળ બિહારના વતની નુર મોહમ્મદ નઝામ આલમ (ઉં.વ.33) હાલમાં અમરોલી વેદાંત ઇન્ડસ્ટ્રી પાસે આવેલ શિવમ પાર્ક નામની નવી બંધાતી બિલ્ડિંગમાં રહેતો હતો અને ત્યાં જ સેન્ટિંગ કામ કરતો હતો. આજે સવારે નુર મોહમ્મદ બિલ્ડિંગમાં ઇલેક્ટ્રિક બોર્ડમાં વાયર નાંખી રહ્યો હતો. દરમિયાન તેને વીજ કરંટ લાગતા તે ઢળી પડ્યો હતો. તેને સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ ખસેડ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. બનાવને પગલે અમરોલી પોલીસે તપાસ હાથ ધરી છે.

હત્યાના કેસમાં મુંબઈ જેલમાં બંધ આરોપીનાં જામીન કોર્ટે નકાર્યા

સુરતઃ પુણાગામ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા હત્યાના ગુનામાં આરોપી કરણ કિશન (ઉં.વ.21) ની જામીન અરજી એડિશનલ સેશન્સ કોર્ટ દ્વારા નામંજૂર કરવામાં આવી હતી. આરોપી હાલ ન્યાયિક કસ્ટડી હેઠળ મુંબઈ જેલમાં છે. જામીન અરજીના વિરોધમાં સરકારી વકીલ સંતોષ ગોહિલે તપાસ અધિકારીનું સોગંદનામું રજુ કરી આરોપીએ મૃતક ઘટનાસ્થળે પહોંચ્યો હોવાની જાણ અન્ય સહઆરોપીઓને કરી હતી અને ત્યારબાદ સમગ્ર ગુનો આચરાયો હોવાની રજુઆત કરી હતી. બંન્ને પક્ષની રજૂઆત બાદ કોર્ટે આરોપીની જામીન અરજી નામંજૂર કરી હતી.

સચિન GIDC ખાતે રોડ ક્રોસ કરતી મહિલાનું બાઈક ટક્કરે મોત

સુરતઃ મૂળ મહારાષ્ટ્રના વતની રામદાસ પવાર હાલમાં સચિન ખાતે આવેલ જલારામ નગરમાં 46 વર્ષીય પત્ની રત્નાબેન સહિતના પરિવાર સાથે રહે છે અને ડાઈંગ મિલમાં નોકરી કરે છે. તેમની પત્ની રત્નાબેન સચિન જીઆઈડીસી વિસ્તારમાં સિલાઈ મશીનના ખાતામાં નોકરી કરતા હતા. રવિવારે સાંજે રત્નાબેન નોકરી પૂરી કરીને ઘરે પરત જવા નીકળ્યા હતા. દરમિયાન સચિન જીઆઈડીસીથી સચિન તરફ જતાં સત્વલ્લા બ્રિજ પાસે રોડ ક્રોસ કરી રહ્યા હતા. ત્યારે બાઇકચાલકે તેમને અડફેટે લીધા હતા. તેમને વધુ સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં સારવાર દરમિયાન આજે મધરાત્રે તેમનું મોત થયું હતું.

પુણાગામમાં યુવતીએ ફાંસો ખાઈ આપઘાત કર્યો, કારણ અકબંધ

સુરતઃ પુણાગામમાં 18 વર્ષીય યુવતીએ ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. મૂળ અમરેલીના રાજુલા તાલુકાના વતની વિનુભાઈ હડિયા હાલમાં પુણાગામમાં આવેલી હરિધામ સોસાયટીમાં ત્રણ સંતાન સહિતના પરિવાર સાથે રહે છે અને રત્નકલાકાર તરીકે નોકરી કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. તેમના સંતાન પૈકી 18 વર્ષીય પુત્રી ધ્રુવી ઘરમાં જ એમ્બ્રોડરીનું કામ કરતી હતી. ધ્રુવીએ આજે બપોરે ઘરમાં પંખા સાથે દોરી બાંધીને ફાંસો ખાઈ લીધો હતો. બનાવને પગલે વરાછા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

ચૂંટણી પંચ સામેના આક્ષેપોને લઈ કોંગ્રેસનો ઉગ્ર વિરોધ: "વોટ ચોર, ગાદી છોડ"ના નારાથી ગૂંજ્યું કલેક્ટર કચેરી પરિસર

પોલીસ સાથે ઘર્ષણ, ચક્કાજામ બાદ અટકાયત

બેરિકેડ તોડવાના પ્રયાસ દરમિયાન પોલીસ સાથે ઘર્ષણ, બે બસ ભરી કાર્યકરોની અટકાયત

(તસવીર : સતીષ જાદવ)

સુરતઃ ચૂંટણી પંચના મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને લઈને શહેર અને જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા કલેક્ટર કચેરી ખાતે આયોજિત વિરોધ પ્રદર્શન દરમિયાન ભારે હોબાળો સર્જાયો હતો. કોંગ્રેસના નેતાઓ અને કાર્યકરોએ ચૂંટણી પ્રક્રિયા તથા મતદાર યાદી સંબંધિત મુદ્દાઓને લઈને સરકાર અને ચૂંટણી પંચ સામે સૂત્રોચ્ચાર કર્યા હતા.

કોંગ્રેસ કાર્યકરો મોટી સંખ્યામાં કલેક્ટર કચેરી બહાર એકત્ર થતાં પોલીસ દ્વારા સુરક્ષા વ્યવસ્થા કડક બનાવવામાં આવી હતી. મુખ્ય પ્રવેશદ્વાર તરફ આગળ વધતા કાર્યકરોને રોકવા માટે બેરિકેડ્સ ગોઠવવામાં આવ્યા હતા. જોકે, વિરોધ દરમિયાન કેટલાક કાર્યકરોએ બેરિકેડ્સ હટાવીને કચેરી પરિસરમાં પ્રવેશવાનો પ્રયાસ કરતાં પોલીસ અને પ્રદર્શનકારીઓ વચ્ચે ઘર્ષણની સ્થિતિ સર્જાઈ હતી. વિરોધ પ્રદર્શન દરમિયાન કોંગ્રેસ કાર્યકરોએ "વોટ ચોર, ગાદી છોડ"સહિતના સૂત્રોચ્ચાર કર્યા હતા. વિરોધને પગલે કલેક્ટર કચેરી આસપાસ રાજકીય ગરમાવો વધ્યો હતો અને પોલીસનો મોટો કાફલો તૈનાત કરવામાં આવ્યો હતો. પ્રદર્શનકારીઓ દ્વારા મુખ્ય પ્રવેશદ્વાર તરફ આગળ વધવાનો પ્રયાસ થતાં પોલીસ સાથે બોલાચાલી અને ધક્કામુક્કીની સ્થિતિ પણ સર્જાઈ હતી. સ્થિતિ વધુ વણસે નહીં તે માટે પોલીસે પ્રદર્શનકારીઓને પાછળ હટાવવાનો પ્રયાસ કર્યો હતો. વિરોધ પ્રદર્શન ઉગ્ર બનતા પોલીસે કાર્યવાહી શરૂ કરી હતી. પોલીસે અસલમ સાયકલવાલા, પ્રિતિ સાદદિયા સહિતના કોંગ્રેસના અગ્રણી નેતાઓ અને કાર્યકરોની અટકાયત કરી હતી.

મેયર-શહેર ભાજપ પ્રમુખે કહ્યું: SIR મુદ્દે ચૂંટણી પંચ સામેના કોંગ્રેસના આક્ષેપો તથ્યવિહોણા

સુરત શહેર ભાજપે ચૂંટણી પંચના બચાવમાં પત્રકાર પરિષદ યોજી હતી. મેયર માયાબેન માવાણીએ જણાવ્યું હતું કે, જનાદેશ બાદ કોંગ્રેસ અગાઉ EVM, ત્યારબાદ SIR અને હવે ચૂંટણી પંચને મુદ્દો બનાવી રહી છે. જ્યારે શહેર ભાજપ પ્રમુખ પરેશ પટેલે જણાવ્યું હતું કે, ચૂંટણી પંચના ત્રણેય કમિશનરોએ સંયુક્ત પ્રેસ રિલીઝ કરીને SIR સંબંધિત નિર્ણયો સર્વસંમતિથી લેવાયા હોવાનું સ્પષ્ટ કર્યું છે. તેમના જણાવ્યા મુજબ ચૂંટણી પંચની કામગીરી અંગે અખબારમાં ચૂંટણી પરિણામોને લઈને અગાઉ EVM અંગે સવાલો ઉઠાવાયા હતા અને હવે SIR તથા ચૂંટણી પંચને લઈને આક્ષેપો કરવામાં આવી રહ્યા છે.

સુરત-ઉદયપુર વંદે ભારત ટ્રેનને 2 ઓક્ટોબરે મળશે ગ્રીન સિગ્નલ

કેન્દ્રીય રેલમંત્રી અશ્વિની વૈષ્ણવ વર્ચ્યુઅલ માધ્યમથી જોડાશે

સવારે 6.10 વાગ્યે સુરતથી ઉપડશે, બપોરે 1.40 વાગ્યે ઉદયપુર પહોંચશે

સુરતઃ દક્ષિણ ગુજરાતના મુસાફરો માટે ઐતિહાસિક ક્ષણ આવી ગઈ છે. સુરત-ઉદયપુર વંદે ભારત એક્સપ્રેસની 8 કોચની અત્યાધુનિક રેક સુરત સ્ટેશને પહોંચી ગઈ છે. રેલવે સૂત્રોના જણાવ્યા મુજબ રેકને પ્રાથમિક જાળવણી અને સફાઈ માટે સુરત યાર્ડમાં રાખવામાં આવી છે, જ્યાં તેને તિરંગાના ફુગ્ગા અને ફૂલોથી શણગારવાની તૈયારી ચાલી રહી છે.

2 ઓક્ટોબર, ગાંધી જયંતીના રોજ સવારે 9 વાગ્યે સુરત સ્ટેશનના પ્લેટફોર્મ નંબર-4 પર લીલી ઝંડી કાર્યક્રમ યોજાશે. કાર્યક્રમમાં કેન્દ્રીય રેલમંત્રી અશ્વિની વૈષ્ણવ વર્ચ્યુઅલ માધ્યમથી જોડાશે, જ્યારે કેન્દ્રીય મંત્રી સી.આર.પાટીલ વિશેષ ઉપસ્થિત રહેશે.

રેલવે બોર્ડની મંજૂરી મુજબ ટ્રેન નં.26903 સુરતથી સવારે 6.10 વાગ્યે ઉપડીને બપોરે 1.40 વાગ્યે ઉદયપુર પહોંચશે. પરત ફરતી ટ્રેન નં.26904 ઉદયપુરથી બપોરે 3.35 વાગ્યે ઉપડીને રાત્રે 11 વાગ્યે સુરત આવશે. આ ટ્રેન અઠવાડિયામાં 6 દિવસ દોડશે, મંગળવારે જાળવણી માટે બંધ રહેશે. વચ્ચે ભરૂચ, વડોદરા, આણંદ, મણીનગર, અસારવા, હિંમતનગર, શામળાજી રોડ, ડુંગરપુર અને ઝાવર સ્ટેશનો પર હોલ્ટ આપવામાં આવ્યા છે. માત્ર 7.30 કલાકમાં 690 કિમીનું અંતર કાપનારી આ ટ્રેન વેપારીઓ, પ્રવાસીઓ અને દૈનિક મુસાફરો માટે આશીર્વાદરૂપ બનશે. મહત્ત્વનું છે કે, સુરતને આ ટ્રેનનું પ્રાથમિક મેઈન્ટેનન્સ બેઝ બનાવવામાં આવ્યું છે, જ્યારે વડોદરા અને અસારવા ખાતે વોટરિંગની સુવિધા રહેશે. આ સાથે હાલની ઉદયપુર-અસારવા વંદે ભારતને આ નવી સેવામાં વિલીન કરવામાં આવશે.

સિટીલાઇટના વૃદ્ધ હોટલ માલિકનું ૮૭૦ ગ્રામ સોનું પચાવી પાડયું

રૂપિયા ૮૦ લાખ વ્યાજે આપી દાગીના પરત ન આપનાર ઈંદરપુરાના બે શાહુકારો સામે ગુનો

સુરત : સિટીલાઇટ વિસ્તારમાં રહેતા અને હોટલ વ્યવસાય સાથે સંકળાયેલા વૃદ્ધ વેપારીની મજબૂરીનો ફાયદો ઉઠાવી, વગર લાયસન્સે ૧.૫% વ્યાજે રૂપિયા ૮૦ લાખનું ધિરાણ આપી, બદલામાં ગીરવે મૂકેલા ૮૭૦ ગ્રામ વડીલોપાર્જિત સોનાના ઘરેણાં પરત ન આપી ગુનાહિત વિશ્વાસઘાત કરવાનો સનસનાટીભર્યો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે.

સિટીલાઇટ સ્થિત કિસ એન્કલેવમાં રહેતા અને રિંગરોડ ખાતે આવેલી 'ટેક્ષ પ્લાઝા હોટલ' ચલાવતા ૬૨ વર્ષીય ભીખાજી દોરાબજી દવિયરવાલાના જણાવ્યા અનુસાર, આશરે અઢી વર્ષ પહેલાં તેમની હોટલનો ધંધો બરાબર ચાલતો ન હતો. આર્થિક સંકટ ઊભું થતાં પૈસાની જરૂરિયાત ઊભી થઈ હતી. આ દરમિયાન તેમની હોટલમાં નોકરી કરતી સકીનાબેન ઝાકીર નામની મહિલાએ માહિતી આપી હતી કે તેમના ઘરની સામે બદરી રોડ (ઈંદરપુરા) ખાતે રહેતા મુસ્તાનસીર ચન્નીવાલા અને અલી અસગર ચન્નીવાલા સોનાના ઘરેણાં ગીરવે રાખી ૧.૫% વ્યાજે નાણાં આપે છે.

મે-૨૦૨૫માં ૪૫૨ ગ્રામ સોનાના ઘરેણાં ગીરવે મૂકી રૂપિયા ૨૨.૪૬ લાખ લીધા હતા, જેનું માસિક રૂપિયા ૩૩,૭૦૦ વ્યાજ ચૂકવતા હતા. ઓગસ્ટ-૨૦૨૫માં ૧૦ ગ્રામનું સોનાનું બ્રેસલેટ અને ત્યારબાદ દોઢથી બે વર્ષ દરમિયાન કુલ ૮૭૦ ગ્રામ સોનું ગીરવે મૂકી રૂપિયા ૮૦,૦૦,૦૦૦ ધિરાણ મેળવ્યું હતું અને તેનું નિયમિત રૂપિયા ૧,૨૦,૦૦૦ સુધીનું વ્યાજ પણ રોકડેથી ચૂકવતા હતા.

૮૩ લાખ પરત આપવા છતાં સોનું આપવાની ના પાડી

તાજેતરમાં ભીખાજી પાસે નાણાંની સગવડ થતાં તેઓ પત્ની મહારૂખ અને સકીનાબેન સાથે છેલ્લા બે મહિનાના વ્યાજ સહિત રૂપિયા ૮૩,૦૦,૦૦૦ રોકડા લઈને સોનાના ઘરેણાં પરત મેળવવા મુસ્તાનસીર અને અલી અસગરના ઘરે ગયા હતા. જોકે, બંને જણાએ નાણાં સ્વીકારી સોનું પરત આપવાની ચોખ્ખી ના પાડી દીધી હતી. તપાસ કરતા સામે આવ્યું હતું કે આ બંને ઇસમો પાસે નાણાં ધીરધારનું કોઇ કાયદેસરનું લાયસન્સ નથી. બંને સામે મહિધરપુરા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

નક્ષત્ર વોલ્ટ: ગ્રાહકોને સામાન મળી ગયાનો રિપોર્ટ રજૂ કરવા હાઈકોર્ટનો આદેશ

સુરતઃ 'નક્ષત્ર સેફ હાઉસ' સેફ વોલ્ટના સંચાલકોએ રૂ.૪.૩૦ કરોડના સોનાના દાગીના પર હાથ સાફ કરી લીધાના કેસમાં લાજપોર જેલમાં બંધ આરોપી હર્ષ મહેશભાઈ દિયોરા, હરિકૃષ્ણ મહેશભાઈ દિયોરા, મહેશભાઈ ડાહ્યાભાઈ દિયોરા, મણિભાઈ રાજાભાઈ ચૌહાણે હાઈકોર્ટમાં એડ્વોકેટ સ્વાતિ મહેતા મારફતે પોલીસ ફરિયાદ રદ કરવા માટે ક્વોશિંગ પિટિશન દાખલ કરી હતી. એડ્વોકેટ સ્વાતિ મહેતાના જણાવ્યા મુજબ હાલ પક્ષકારો વચ્ચે સમાધાન થઈ ગયું હોવાથી આરોપીઓને જેલમાંથી મુક્ત કરવા તથા ફરિયાદ રદ કરવા માટે હાઈકોર્ટમાં રજૂઆત કરવામાં આવી છે. જેની સુનાવણી બાદ હાઈકોર્ટે ૧૩ ગ્રાહક (પીડિતો)ને તેમનો સામાન મળી ગયો છે કે કેમ તે અંગેની સૂચનાનો રિપોર્ટ મેળવવાનો આદેશ કરી સુનાવણી તા.૧૫/૧૦/૨૦૨૬ સુધી મુલતવી રાખવામાં આવી હતી.

હોટેલ શરૂ કરવા રૂ.૨૦ લાખની લોનની લાલચે ૪.૧૧ લાખ પડાવ્યા

વ્યારાના શખ્સ સામે ઉધના પોલીસમાં ફરિયાદ

સુરત : નવી હોટેલ શરૂ કરવા માટે રૂપિયા ૨૦ લાખની પર્સનલ લોન આપવાનું કહી ઉધનાના હોટેલિયર સાથે વ્યારાના ઠગે ઠગાઈ આચરી હોવાનો કિસ્સો સામે આવ્યો છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, ઉધના ખાતે ગાયત્રીનગર સોસાયટીમાં રહેતા અને હાલમાં દુબઈ ખાતે ફાઈનાન્સ ક્ષેત્રે નોકરી કરતા ૪૮ વર્ષીય ગણેશપ્રસાદ ગૌરીશંકર વર્મા અગાઉ ન્યુ સિટીલાઈટ રોડ પર આવેલા સમર્થ એક્વિસ્ટી કોમ્પ્લેક્ષમાં વર્ષ ૨૦૧૯થી માર્ચ ૨૦૨૫ સુધી 'મસાલા મસ્તી પિઝેરિયા' નામે રેસ્ટોરન્ટ ચલાવતા હતા. માર્ચ ૨૦૨૪માં દિગંત ઈશ્વરભાઈ ગામીત પોતાના વકીલ દુર્ગેશ તિવારી સાથે ગણેશપ્રસાદની ઓફિસે આવ્યો હતો. દિગંતે પોતે ફાઈનાન્સનો વ્યવસાય કરતો હોવાનું જણાવી ગણેશપ્રસાદને નવી હોટેલ શરૂ કરવા માટે રૂપિયા ૨૦ લાખની પર્સનલ લોનની જરૂર હોવાનું જાણવા મળતાં લોન કરાવી આપવાની ખાતરી આપી હતી. લોનની સમગ્ર પ્રક્રિયા સમજાવ્યા બાદ DSA કોડ મેળવવા માટે રૂપિયા ૨,૫૦૦ એન્ટ્રી ફી ભરવાનું કહી રકમ ટ્રાન્સફર કરાવી હતી. ત્યારબાદ સિક્યુરિટી ડિપોઝિટ પેટે રૂપિયા ૩ લાખ જમા કરાવવાના હોવાનું જણાવતાં તા.૧૧ મેના રોજ દિગંત ગણેશપ્રસાદના ઘરે આવ્યો હતો અને ફોર્મની પ્રક્રિયા કરાવી રૂપિયા ૩ લાખ 'સહયોગ ફાઈનાન્સ'ના ખાતામાં ઓનલાઈન ટ્રાન્સફર કરાવ્યા હતા. ત્યારબાદ બે દિવસ બાદ લોન પ્રોસેસિંગ ફી પેટે વધુ રૂપિયા ૩૦ હજારની માગણી કરવામાં આવી હતી. આ રકમ પણ ફરિયાદીએ ટ્રાન્સફર કરી હતી. આ પછી પણ લોન મંજૂર ન થતાં ગણેશપ્રસાદે દિગંતનો સંપર્ક કરી પૂછપરછ કરી હતી. ત્યારે ડિપોઝિટમાં રૂપિયા ૬૦ હજાર ઘટતા હોવાનું જણાવતા ફરિયાદીએ તા.૫ જુલાઈ ૨૦૨૬ના રોજ વધુ રૂપિયા ૬૦ હજાર ઓનલાઈન ટ્રાન્સફર કર્યા હતા. આમ અલગ અલગ બહાનાં હેઠળ કુલ રૂપિયા ૪,૧૧,૭૯૪ મેળવી લીધા બાદ પણ દિગંતે લોન મંજૂર કરાવી ન હતી. ગણેશપ્રસાદ દ્વારા વારંવાર લોન અંગે પૂછપરછ કરવામાં આવતાં ગલ્લાંતલ્લાં કરી સમય પસાર કરવામાં આવતો હતો. ઉપરાંત લીધેલી રકમ પણ પરત કરવામાં આવી ન હતી.

અંતે ગણેશપ્રસાદે અલથાણ પોલીસનો સંપર્ક કરતાં પોલીસે તેમની ફરિયાદના આધારે દિગંત ઈશ્વરભાઈ ગામીત (રહે. એ/૧૦૩, અંબાજી કોમ્પ્લેક્ષ, ઉનાઈ નાકા, વ્યારા, જિ. તાપી) સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સ્કૂલેથી ઘરે આવ્યા બાદ 5 વર્ષીય બાળકીનું તબિયત લથડ્યા બાદ મોત

સુરતઃ મૂળ મહારાષ્ટ્રના વતની રત્નદીપ તામશ્વરે પરિવાર સાથે પર્વતગામની ચંદ્રલોક સોસાયટીમાં રહે છે અને ઉધનામાં આવેલી ખાનગી કંપનીમાં નોકરી કરે છે. તેમની જુનિયર કેજીમાં ભણતી પાંચ વર્ષની પુત્રીની શનિવારે સ્કૂલેથી ઘરે આવ્યા બાદ અચાનક તબિયત લથડી હતી. પરિવારજનો તાત્કાલિક સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા. જોકે, રવિવારે તેનું મોત નીપજ્યું હતું. વનિતાના મૃતદેહનું સ્મીમેર હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું હતું. ફોરેન્સિક મેડિસિનના ડો. સંદીપ રલોતીએ જણાવ્યું હતું કે, પ્રાથમિક તપાસમાં બાળકીમાં મલ્ટી ઓર્ગન ફેલ્યોર જોવા મળ્યું છે. જેમાં લિવર અને ફેફસાંની બીમારી હોવાનું પ્રાથમિક રીતે જણાઈ રહ્યું છે. જોકે, ચોક્કસ કારણ જાણવા માટે હિસ્ટોપેથોલોજી અને માઈક્રોબાયોલોજીના સેમ્પલ લેવામાં આવ્યા છે. આ રિપોર્ટ આવ્યા બાદ મોતનું ચોક્કસ કારણ સ્પષ્ટ થશે.

રૂ.70 કરોડના નાટ્યગૃહમાં એક પ્રેક્ષક ઊભો થાય તો બીજો બહાર નીકળી શકે!

કતારગામના અદ્યતન નાટ્યગૃહમાં બે બેઠકો વચ્ચે જગ્યા ઓછી હોવાથી અવરજવરમાં મુશ્કેલી, બેઠકની સંખ્યા વધારતા અસુવિધા

સુરત : કતારગામ ઝોનમાં સુરત મહાનગરપાલિકા દ્વારા રૂપિયા 70.68 કરોડના ખર્ચે તૈયાર કરાયેલા ભારત રત્ન અટલ બિહારી વાજપેયી નાટ્યગૃહમાં પ્રથમ જ કાર્યક્રમમાં બેઠક વ્યવસ્થાને લઈને પ્રેક્ષકોની ફરિયાદ સામે આવી છે. 884 બેઠકની ક્ષમતા ધરાવતા આ અદ્યતન નાટ્યગૃહમાં પાલિકાની 52મી સંજીવકુમાર નાટ્ય સ્પર્ધાનો રવિવારથી પ્રારંભ થયો હતો. ઉદ્ઘાટન પ્રસંગે 'વિલન' નાટક ભજવાયું હતું, પરંતુ નાટક સાથે જ બે રો વચ્ચેનું ઓછું અંતર પ્રેક્ષકો માટે 'વિલન' સાબિત થયું હતું.

પ્રેક્ષકોના જણાવ્યા મુજબ બે રો વચ્ચે જગ્યા ઓછી હોવાથી પોતાની બેઠક સુધી પહોંચવા અને બેઠક પરથી બહાર નીકળવામાં મુશ્કેલી પડી હતી. ખાસ કરીને વચ્ચેની બેઠક પર બેઠેલા દર્શકોને બહાર જવું હોય તો અન્ય પ્રેક્ષકોએ ઊભા થવું પડતું હતું. કોઈ દર્શક મોડો આવે અથવા નાટક દરમિયાન બહાર જાય તો આખી રોમાં બેઠેલા લોકોની અવરજવર ખોરવાતી હતી અને અન્ય દર્શકોનું ધ્યાન પણ ભંગ થતું હતું. લાંબા સમય સુધી બેસ્યા બાદ ઊભા થવામાં તથા પગ આગળ રાખવામાં પણ પૂરતી જગ્યા ન હોવાની ફરિયાદ થઈ હતી. ખાસ કરીને વૃદ્ધો, બાળકો અને શારીરિક તકલીફ ધરાવતા પ્રેક્ષકો માટે આ વ્યવસ્થા વધુ અગવડરૂપ બની હતી. પ્રેક્ષકોનું કહેવું છે કે બેઠકની સંખ્યા વધારવી જેટલી મહત્વની છે, તેટલી જ મહત્વની સરળ અવરજવર અને સુવિધા છે. સામાન્ય અવરજવરમાં જ મુશ્કેલી પડતી હોવાથી કટોકટીના સમયે બહાર નીકળવાની વ્યવસ્થા અંગે પણ વ્યવહારુ સમીક્ષા જરૂરી બની છે. જોકે, હાલની ફરિયાદના આધારે બેઠક વ્યવસ્થા કોઈ નિર્ધારિત સલામતી ધોરણનું ઉલ્લંઘન કરે છે એવો નિષ્કર્ષ કાઢી શકાય તેમ નથી. પાલિકા તંત્ર દ્વારા બેઠક વ્યવસ્થાની સમીક્ષા કરી શક્ય સુધારા કરવામાં આવે તેવી પ્રેક્ષકોની અપેક્ષા છે.

કલેક્ટર કચેરીના કેમ્પસમાં સફાઈ કરતાં દારૂની બોટલો મળ્યાનો કોંગ્રેસનો દાવો

સુરત : કોંગ્રેસ દ્વારા કલેક્ટર કચેરી ખાતે હાથ ધરાયેલા સફાઈ અભિયાન દરમિયાન પરિસરમાંથી આશરે 30થી 40 જેટલી ખાલી દારૂની બોટલો મળી હોવાનો દાવો કરવામાં આવ્યો છે. આ ઘટનાનો વીડિયો પણ સામે આવતાં મામલો ચર્ચાનો વિષય બન્યો છે.

કોંગ્રેસના કાર્યકરો દ્વારા કલેક્ટર કચેરીના કેમ્પસમાં સફાઈ કરવામાં આવી રહી હતી ત્યારે વિવિધ સ્થળોએ પડેલી ખાલી દારૂની બોટલો મળી આવી હોવાનું જણાવાયું હતું.

સરકારી વહીવટીતંત્રની મુખ્ય કચેરી ગણાતા કલેક્ટર કચેરીના પરિસરમાં આટલી મોટી સંખ્યામાં દારૂની બોટલો મળી આવતાં કચેરીની સુરક્ષા વ્યવસ્થા, દેખરેખ અને નિયમિત સફાઈ અંગે પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા છે. કલેક્ટર કચેરીના પરિસરમાં અધિકારીઓ, કર્મચારીઓ તેમજ અરજદારોની સતત અવરજવર રહે છે. આવા સંવેદનશીલ સરકારી પરિસરમાં સુરક્ષા વ્યવસ્થા હોવા છતાં મોટી સંખ્યામાં દારૂની ખાલી બોટલો મળી આવતાં તે પરિસરમાં કેવી રીતે પહોંચી તે મહત્વનો પ્રશ્ન બન્યો છે.

પંજાબ નૈશનલ બૈંક ...भरोसे का प्रतीक ! punjab national bank ...the name you can BANK upon !

બીઓ : પાલ રોડ શાખા (૫૯૮૫૦૦) : દુકાન નં.૧૮ અને ૧૯ સિધ્ધ ચક રેસીડેન્સી, ગેલેક્ષી સર્કલ નજીક, પાલ–૩૯૪૫૧૦ email: bo5985@pnb.bank.in

અહી નોટીસ આથી નીચેના દેવાદારો **શ્રી રાજેશ શંકરલાલ વૈદય (દેવાદાર)** અને **શ્રીમતી ગીતા રાજેશ વૈદય (સહ દેવાદાર) સરનામું : એ–૯૦૩ શીલાલેખ ગ્રીન આર્કેડ સામે, એલ.પી.સવાણી રોડ, અડાજણ, સુરત–૩૯૫૦૦૯, ગુજરાત અને શ્રી વિપુલભાઈ પી. સાવલીયા (જામીનદાર) : સરનામું : બી–૩૫, યોગીરામ રો હાઉસ, પુણા સીમાડા રોડ, પુણા ગામ, સુરત–૩૯૫૦૧૦ અને ૨૦૮, વનમાલી રો હાઉસ, સીમાડા રોડ, યોગી ચોક, વરાછા બેંક નજીક, સુરત–૩૯૫૦૧૦.** કે જેમણે બેંક મારફત લોન સુવિધા લીધેલ જેમાં મુદલ અને વ્યાજની ચુકવણી માં કસુર કરેલ છે. આ લોન સુવિધા માટે પોતાની અંગત ગેરંટી આપેલ છે. અને લોન ખાતુ નોન– પરફોર્મીંગ એસેટ(એનપીએ) તરીકે વર્ગીકૃત થયુ છે. તેમના છેલ્લા જાણીતા સરનામા પર સિક્યોરિટાઈઝેશન એન્ડ રિ–કન્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટસ અને એન્ફાર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ ની ધારા ૧૩(૨) હેઠળ તેમને નોટીસ જારી કરવામાં આવેલ હતી પરંતુ તે બજવણી થયા વગર પરત થયેલ છે. અને આથી તેમને આ જાહેર નોટીસ થી તેમને જાણ કરવામાં આવે છે.

અ. નં.	દેવાદારો /જામીનદારો ના નામ અને ખાતા નંબર	સુરક્ષીત કરેલ મિલકતનુ સરનામુ વર્ણન	નોટીસની તારીખ	એનપીએ ની તારીખ	બાકી રકમ (નોટીસની તા.૨૧.૦૯.૨૦૨૬ મુળ + વ્યાજ + અન્ય ચાર્જીસ સહીત)
૧	શ્રી રાજેશ શંકરલાલ વૈદય (દેવાદાર), અને શ્રીમતી ગીતા રાજેશ વૈદય (સહ દેવાદાર) શ્રી વિપુલભાઈ પી. સાવલીયા (જામીનદાર) ખાતા નં.534000NC00000823 & 5340009900000509	તમામ હક, હિત અને સબંધ ધરાવતી મિલકત કે જે 'શીલાલેખ' ના નામે ઓળખાતી હાઉસીંગ કોમ્પલેક્ષ ના બ્લોક નં. 'એ' ના ૯મા માળનો ફલેટ નં.એ–૯૦૩, બિલ્ટઅપ એરિયા માપ ૧૧૪૭.૦૦ ચો.ફુટ એટલે ૧૦૬.૫૬ ચો.મી બરાબર, વણવહેંચાયેલ હિસ્સા સહિત આ બિલ્ડીંગના તમામ પ્રકારની સહાયક ની વસ્તુઓ સાથે જમીન ફાઈનલ પ્લોટ નં.૯૨, ટી.પી.સ્કીમ નં.૩૧(અડાજણ), રેવન્યુ સર્વે નં.૬૯૪/૧ મોજે ગામ.અડાજણ, સીટી–સુરત, જુનો તાલુકો. સીટી–ચોર્યાસી અને નવો તાલુકા.અડાજણ, જી.સુરત ખાતે (૧) રાજેશ શંકરલાલ વૈદય અને (૨) ગીતા રાજેશ વૈદય ના નામે આવેલ છે. જેની ચર્તુદિશા : પુર્વ તરફ : ખુલ્લી જગ્યા, પશ્ચિમ તરફ : જોડેનો કોમન પેસેજ/લીફટ, ઉત્તર તરફ : ખુલ્લી જગ્યા/રોડ, દક્ષિણ તરફ: જોડેનો ફલેટ નં.એ–૯૦૪.	૦૭.૦૯.૨૦૨૬	૨૪.૦૮.૨૦૨૬	રૂ. ૨૪,૬૪,૩૪૨.૮૧/–

ઉપરોક્ત દેવાદાર(રો) ને આ નોટીસના પ્રકાશનની તારીખ થી ૬૦ દિવસ ની અંદર બાકી રકમની ચુકવણી કરી દેવા જણાવવામાં આવે છે. ૬૦ દિવસની સમાપ્તી પછી તેમ કરવામાં કસુર થયે સિકયોરિટાઈઝેશન એન્ડ રિ–કન્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટસ અને એન્ફાર્સમેન્ટ ઓફ સિકયોરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ની કલમ ૧૩ની પેટા કલમ(૪) હેઠળ આગળ ના પગલા લેવામાં આવશે.

તમારૂ ધ્યાન આ ધારાની પેટા કલમ–૧૩ કલમ ૧૩ મુજબ દેવાદાર બેંકની લેખિત સંમતિ મેળવ્યા વિના ઉપર જણાવેલી સુરક્ષિત મિલકત વેચાણ, લીઝ કે અન્ય કોઈ રીતે સુરક્ષિત સંપત્તિને ટ્રાન્સફર કરવાનું તમારા પર પ્રતિબંધ મૂકવામાં આવે છે.

દેવદારનુ ધ્યાન દોરવવાનુ કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

તારીખ : ૦૭.૦૯.૨૦૨૬ સ્થળ : સુરત અધિકૃત અધિકારી, પંજાબ નેશનલ બેંક

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda

હનીપાર્ક રોડ શાખા, સુરત : ૩, શિવાલિક વેસ્ટર્ન, એલ.પી.સવાણી રોડ, અડાજણ, સુરત–૩૯૫૦૦૯, ગુજરાત. ફોન : ૦૨૬૧–૨૭૪૬૭૬૭ email id :honeyp@bankofbaroda.com

કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે) [સીકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ રૂલ્સ ૨૦૦૨] ના(રૂલ ૮(૧) હેઠળ

નીચે સહી કરનાર **બેંક ઓફ બરોડા** ના અધિકૃત અધિકારીએ સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ (૨૦૦૨ ના ૫૪) અને તેમને મળેલ આ ધારાની કલમ ૧૩(૧૨) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ **તા.૨૧.૦૫.૨૦૨૬** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદાર/જામીનદાર **શ્રીમતી સુધાબેન ભાવીક નાવડિયા (દેવાદાર), અને શ્રી વિરેનભાઈ કિરીટભાઈ વાનાણી (જામીનદાર)** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૩૧,૨૩,૮૮૬ (રૂપિયા એકત્રીસ લાખ ત્રેવીસ હજાર આઠસો છયાશી પૈસા પુરા)** વત્તા વ્યાજ અને તેના પર અન્ય ચાર્જીસ ચુકવણીની તારીખ સુધીના સહિત આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર આ રકમ ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારાની કલમ ૧૩ ની પેટા કલમ (૪) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૮ સાથે વંચાણે લઈ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર **તારીખ ૨૪મી સપ્ટેમ્બર ૨૦૨૬** ના રોજ આ સંપત્તિનો કબજો સંભાળી લીધેલ છે.

ખાસ કરીને દેવાદારનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

દેવાદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ બરોડા,**ની રકમ **રૂા.૩૧,૨૩,૮૮૬** વત્તા અન્ય ચાર્જીસ ચુકવણીની તારીખ સુધીના ને આધિન રહેશે.

સ્થાવર મિલકતનું વર્ણન

તમામ હક, હિત અને સંબંધ ધરાવતી સ્થાયી મિલકત કે જે ' મીલેન્યિમ રેસીડેન્સી' નો પ્રાઈવેટ સાઈડ નો પ્લોટ નં. ૩૧૩ (કેજેપી પછી બ્લોક નં.૧૩૯/૩૧૩/૧૦૨, પાસ થયેલ પ્લાન મુજબ બ્લોક નં.૨૬૪/પ્લોટ નં.૧૦૨), માપ ૮૦.૦૪ ચો.વાર. એટલે ૬૬.૯૨ ચો.મી, વણવહેંચાયેલ હિસ્સા સાથે જમીનનું માપ ૩૮.૫૬ ચો.મી, કુલ માપ ૧૦૫.૪૮ ચો.મી, જમીન બ્લોક નં. ૨૬૦, ૨૬૧, ૨૬૪ અને ૨૭૦ (રી–સર્વે નવો બ્લોક નં.૧૩૯), માપ ૭૫૦૩૬ ચો.મી, ગામ.વેલંજા, સબ ડિસ્ટ્રીક્ટ. કામરેજ (હવે અબ્રામા), જી.સુરત ખાતે આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ** : જોડેનો પ્લોટ નં. ૩૩૬, **પશ્ચિમ તરફ** : જોડેનો સોસાયટી રોડ, **ઉત્તર તરફ** : જોડેનો પ્લોટ નં.૩૧૨, **દક્ષિણ તરફ** : જોડેનો પ્લોટ નં.૩૧૪ આવેલ છે.

તા. ૨૪.૦૯.૨૦૨૬ । સ્થળ : સુરત અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, હની પાર્ક રોડ શાખા

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda

સગરામપુરા શાખા : પુતલી નજીક, નવસારી બઝાર, સગરામપુરા, સુરત– ૩૯૫૦૦૨ E-Mail Id : sagram@bankofbaroda.co.in

કબજા નોટીસ [ધારા ૧૩(૪) (સ્થાયી મિલકત માટે) (સીકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના રૂલ ૮(૧) હેઠળ

નીચે સહી કરનાર **બેંક ઓફ બરોડા** ના અધિકૃત અધિકારીએ સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ અને તેમને આ ધારાની કલમ ૧૩(૧૨) રૂલ ૩ સાથે વંચાણે લઈ સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ હેઠળ **તા.૦૫.૦૮.૨૦૨૫** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદાર / ગીરવેદાર **શ્રી મનિષ મોહનભાઈ બાબરીયા (દેવાદાર), શ્રીમતી હંસાબેન મોહનભાઈ બાબરીયા (સહ દેવાદાર અને ગીરવેદાર)** ને નોટીસમાં દર્શાવેલ રકમ **રૂા.૧૫,૫૭,૮૯૮.૪૫/– (રૂા. પંદર લાખ સત્તાવન હજાર આઠસો અઠ્ઠાણું અને પીસ્તાલીસ પૈસા પુરા) વ્યાજ અને તેના પર અન્ય ચાર્જીસ સહિત** આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર આ રકમ પરત ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારા ૧૩(૪) ના રૂલ ૮ સાથે વંચાણે લઈ **સીકયુરીટી (એન્સર્ફોસમેન્ટ) રૂલ ૨૦૦૨ હેઠળ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર તારીખ ૨૭ મી સપ્ટેમ્બર ૨૦૨૬** ના રોજ આ સંપત્તિનો કબજો સંભાળી લીધેલ છે.

દેવાદારનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

ખાસ કરીને દેવાદાર/ ગીરવેદાર અને જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ બરોડા** ની રકમ **રૂા.૧૫,૫૭,૮૯૮.૪૫** + વ્યાજ અને અન્ય ચાર્જીસ સહિત સંપૂર્ણ ચુકવણી સુધીના ને આધીન રહેશે.

સ્થાયી મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે "વાઈબ્રન્ટ ઈકો પાર્ક" નો ૨ બીએચકે રો હાઉસ નં. ૪૮૬ માપ ૭૬.૯૭ ચો.મીટર મંજુર પ્લાન(રો હાઉસ નં. ૧૭૭ સાઈટ મુજબ માપ ૯૨.૦૫ ચો.વાર એટલે ૭૬.૯૯ ચો.મીટર) બાંધકામ મુજબ માપ ૭૫૫.૦૦ ચો.ફુટ એટલે ૭૦.૧૪ ચો.મી અને કારપેટ એરીયા મુજબ માપ ૬૫૮.૩૪ ચો.ફુટ એટલે ૬૧.૧૬ ચો.મીટર ના વણવહેંચાયેલ મિલકત ના હિસ્સા સહિત રોડ, માપ ૨૫.૪૮ ચો.મી સીઓપી માપ ૧૫.૨૩ ચો.મી કુલ માપ ૧૧૭.૭૧ ચો.મી જે જમીન મલ્ટીપર્પસ માટે બિનખેતી જમીનનો સબ પ્લોટ નં. ૨ ફેઝ–૨, બ્લોક નં.૧૩૩ અને ૧૩૫ એકત્રીકરણ પછી, બ્લોક નં. ૧૩૩, ગામ. અટોદરા, તા. ઓલપાડ, જી. સુરત ખાતે આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ** : ઘર નં. ૧૭૮ અને સોસાયટી રોડ, **પશ્ચિમ તરફ** : ઘર નં. ૧૫૬, **ઉત્તર તરફ** : ઘર નં. ૧૭૬, **દક્ષિણ તરફ** : જોડેની સોસાયટીની દિવાલ

તા. ૨૭.૦૯.૨૦૨૬ । સ્થળ : સુરત અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, સગરામપુરા શાખા.

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda

કતારગામ શાખા : દુકાન નં ૩, ગ્રાઉન્ડ ફલોર, અવધ–૨ બિલ્ડીંગ, મારૂતિ સુઝુકી શોરૂમ ની સામે, કતારગામ, સુરત–૩૯૫૦૦૪ ફોન : ૦૨૬૧– ૨૪૮૮૯૦૦/૨૪૮૦૦૧૧ Email : katarg@bankofbaroda.com

કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે) [સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૮(૧) હેઠળ]

નીચે સહી કરનાર **બેંક ઓફ બરોડા**ના અધિકૃત અધિકારીએ સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ (૨૦૦૨ ના ૫૪) અને તેમને મળેલ આ ધારાની કલમ ૧૩ (૧૨) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ **તા.૦૫.૧૧.૨૦૨૫** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદાર/જામીનદાર **શ્રી મનીષભાઈ મનસુખભાઈ કાનાની (દેવાદાર), શ્રીમતી પુષ્પાબેન મનીષભાઈ કાનાની (સહ–દેવાદાર)** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૨૧,૯૧,૪૬૬/– (અંકે રૂપિયા એકવીસ લાખ એકાણુ હજાર ચારસો છાસઠ પુરા)** વત્તા અન્ય ચાર્જીસ આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર આ રકમ ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર આ ધારાની કલમ ૧૩ની પેટા કલમ (૪) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૮ સાથે વંચાણે લઈ **તારીખ ૨૫મી સપ્ટેમ્બર સન ૨૦૨૬** ના રોજ આ સંપત્તિનો કબજો સંભાળી લીધેલ છે.

દેવાદારોનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

ખાસ કરીને દેવાદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ બરોડા** ની રકમ **રૂા.૨૧,૯૧,૪૬૬/–** વત્તા અન્ય ચાર્જીસને આધિન રહેશે.

સ્થાયી મિલકતોનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત કે જે 'પ્લેટીનીયમ વિલા' નો મંજુર થયેલ પ્લાન નો પ્લોટ નં.૪૬ માપ ૨૨૭.૭૦ ચો.મીટર વણવહેંચાયેલજમીન ના હિસ્સા સહીત રોડ અને સી.ઓ.પી જમીન બ્લોક નં.૧૩૫, ૧૩૬, ૧૪૨, ૧૪૩, ૧૪૫, ૧૪૬, ૧૪૭ અને ૨૫૮ (એકત્રીકરણ બાદ બ્લોક નં.૧૩૫) ગામ કછાબ, તા.ઓલપાડ, જી.સુરત ખાતે આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ** : જોડેની સોસાયટી રોડ, **પશ્ચિમ તરફ** : જોડેનો પ્લોટ નં.બી–૪૪, **ઉત્તર તરફ** : જોડેનો પ્લોટ નં.એ–૪૭, **દક્ષિણ તરફ** : જોડેનો પ્લોટ નં.એ–૪૫ આવેલ છે.

તા. ૨૫.૦૯.૨૦૨૬ । સ્થળ : સુરત અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, કતારગામ શાખા.

बैंक ऑफ़ इंडिया Bank of India BOI

ટેક્ષટાઈલ માર્કેટ શાખા : બીજો માળ,બેંક બ્લોક, સુરત ટેક્ષટાઈલ માર્કેટ બિલ્ડીંગ, રીંગ રોડ, સુરત–૩૯૫૦૦૨ ફોન. : ૦૨૬૧–૨૩૨૧૮૦૩, ૨૩૫૭૨૧૯ Email : textilemarket.surat@bankofindia.bank.in

કબજા નોટીસ

આથી નીચે સહી કરનાર **બેંક ઓફ ઈન્ડિયા, ટેક્ષટાઈલ માર્કેટ શાખા, સુરત**ના અધિકૃત અધિકારીએ સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ [એકટ ૨૦૦૨ અને આ ધારાની કલમ ૧૩(૨) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ **તા.૧૨.૧૧.૨૦૨૫** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદાર **શ્રી સુનિલકુમાર વિનોદભાઈ સુરતી અને શ્રીમતી પિનલ સુનિલકુમાર સુરતી** ને નોટીસમાં દર્શાવેલ કુલ બાકી રકમ **રૂા.૨,૧૮,૩૫૪.૧૮ (અંકે રૂા. બે લાખ અઢાર હજાર ત્રણસો ચોપ્પન અને અઢાર પૈસા પુરા) + ૧૨.૧૧.૨૦૨૫** ના રોજ લાગુ કરેલ વ્યાજ દર + અન્ય ચાર્જીસ આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર(રો)/જામીનદાર(રો) આ રકમ ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર(રો)/જામીનદાર (રો) અને જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે નીચે સહી કરનારે આ ધારાની કલમ ૧૩ ની પેટા કલમ (૪) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ રૂલ ૮ સાથે વંચાણે લઈ **તારીખ ૨૭ મી સપ્ટેમ્બર ૨૦૨૬** ના રોજ **મિલકત નો સાંકેતિક કબજો** સંભાળી લીધેલ છે.

ખાસ કરીને દેવાદાર(રો)/જામીનદાર (રો) અને જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ ઈન્ડિયા, ટેક્ષટાઈલ માર્કેટ શાખા**, સુરત ના **રૂા.૨,૧૮,૩૫૪.૧૮ (અંકે રૂા. બે લાખ અઢાર હજાર ત્રણસો ચોપ્પન અને અઢાર પૈસા પુરા)** + તેના પર વ્યાજ અને અન્ય ચાર્જીસ ને આધિન રહેશે,જે એનપીએ તારીખ ૨૯.૦૬.૨૦૨૫ પછી લાગુ પડેલ કુલ વસુલાત ને બાદ કરતા વધુ હશે.

દેવાદારો / જામીનદારો નું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ ૮ ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

દેવાદાર(રો) અને જામીનદાર(રો) એ અધિકૃત અધિકારી દ્વારા માંગણી કરવામાં આવે ત્યારે અહિ દર્શાવેલ મિલકત નો વાસ્તવિક અને ખાલી કબજો સોપવાનો રહેશે.

સ્થાયી મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી જમીન ના સુમન સિધ્ધી બિલ્ડીંગ નં. એફ ના બીજા માળ નો ફ્લેટ નં. એફ–૨૦૧, એલઆઈજી–૨૯, ડુંભાલ, સુરત–૩૯૫૦૧૦. ટી.પી નં. –૩૩ (ડુંભાલ) એફ.પી. નં. ૬૩, (આર–૭) બિલ્ટઅપ એરીયા ૪૧.૩૦૧ ચો.મી. પૈકી નેશનલ ડિવીઝન નં.–૧, ડુંભાલ,સુરત–૩૯૫૦૧૦ રજીસ્ટ્રેશન સબ રજીસ્ટ્રાર, નવાગામ (સુરત–૩) જી.સુરત **શ્રીમતી પિનલ સુનિલકુમાર સુરતી** અને **શ્રી સુનિલકુમાર વિનોદભાઈ સુરતી ની માલીકી ની આવેલ છે.**

જેની ચતુર્દિશા	સાઈટ મુજબ	વેચાણ ડીડ મુજબ
ઉત્તર તરફ :	સીઓપી અને બિલ્ડીંગ નં. બી	આંતરીક રોડ
દક્ષિણ તરફ :	ફ્લેટ નં ૨૦૨	ફ્લેટ નં. એફ–૨૦૨
પૂર્વ તરફ :	સીઓપી અને બિલ્ડીંગ નં. ઈ	આંતરીક રોડ
પશ્ચિમ તરફ :	પ્રવેશ, જગ્યા અને ફ્લેટ નં .૨૦૪	જગ્યા અને ફ્લેટ નં. પી–૨૦૪

તા. ૨૭.૦૯.૨૦૨૬
સ્થળ : સુરત

ચીફ મેનેજર અને અધિકારી અધિકારી,
બેંક ઓફ ઈન્ડિયા, ટેક્ષટાઈલ માર્કેટ શાખા